મેજર જાગ્રત આર. નાયક (રિટાયર્ડ)
ચીફ સીકયુરીટી ઓફિસર

**સુરત મહાનગરપાલિકા**
વોચ એન્ડ વોર્ડ વિભાગ
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ
સુરત.૩૯૫૦૦૩

**ઓફિસ નં.(૦૨૬૧)**
૨૪૨૩૭૫૧ – ૫૬
**એક્ષ – ૨૦૪**
**મો.નં. ૯૭૨૪૩ ૪૫૫૪૪**

વોચ એન્ડ વોર્ડ /આ/નં. ૧૧૯
તા.૨૩/૦૪/૨૦૨૬

અરજદાર :– શ્રી રણમલભાઇ દેવદાનભાઇ ઝીલરીયા

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ઇ.ચા. સેકશન ઓફિસરશ્રી, વોચ એન્ડ વોર્ડ વિભાગ

ફરીયાદની હકીકત :–

વિષય :– શ્રી રણમલભાઇ દેવદાનભાઇ ઝીલરીયા , ની મુળ અરજી આઈ.ડી.નં. ૧૦૦/૧૭૪૨૩, તા.૦૨/૦૨/૨૦૨૬ સંદર્ભે કરેલ અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદાર મજકુરની તા.૨૩/૦૩/૨૦૨૬ ની અપીલ અરજી

(૨) અત્રેના વિભાગનો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ /આ/નં. ૧૪, તા.૦૧/૦૪/૨૦૨૬

અરજદાર શ્રી રણમલભાઇ દેવદાનભાઇ ઝીલરીયા એ જાહેર માહિતી અધિકારી અને ઇ.ચા. સેકશન ઓફિસર, વોચ એન્ડ વોર્ડ વિભાગ સુરત મહાનગરપાલિકાને સંબોધીને મુળ અરજી આઈ.ડી.નં. ૧૦૦/૧૭૪૨૩, તા.૦૨/૦૨/૨૦૨૬ થી મળેલ હતી. તેઓ ધ્વારા પ્રથમ અપીલ અરજી દાખલ કરી અપીલ તબકકે "આર.ટી.આઈ.માં માહિતી અધુરી ખોટી ગેરમાર્ગે દોરનારી આપેલ છે." તેમ જણાવેલ છે. સદર અરજીના અનુસંધાનમાં જવાબ સમય મર્યાદામાં પાઠવેલ હતો.

અરજદારશ્રીને તા. ૦૮/૦૪/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણીમાં બોલાવવામાં આવેલ પરંતુ હાજર રહેલ ન હોય. જે અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

અરજદાર શ્રી રણમલભાઇ દેવદાનભાઇ ઝીલરીયા એ કોમ્પ્યુટર આઈ.ડી.નં. ૧૦૦/૧૭૪૨૩, તા.૦૨/૦૨/૨૦૨૬ થી માંગવામાં આવેલ માહિતીના અનુસધાનમાં મુદા નં. ૪ મુજબની માહીતીના સંદર્ભે આર.ટી.આઇ. એકટની કલમ ૮(૧)(ડી) તથા કલમ ૧૧(૧) મુજબ તેઓના ધંધાને લગતી અત્રેના ડીપાર્ટમેન્ટ પુરતો જ ઉપયોગ કરવા તથા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી તથા રેકોર્ડ નો કોઇ ભાગ જાહેર કરવો નહી તે માટે ત્રાહિત પક્ષકારને લગતી હોય જેથી સંબંધિત પક્ષકારોને તેઓની માહિતી પુરીપાડવી કે કેમ ? તે અંગે જણાવેલ. સદર અંતર્ગત સંબંધિત પક્ષકારો ધ્વારા કોઇ માહિતી જાહેર કરવી નહી તેમ લેખિતમાં જણાવવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનુ કે સંદર્ભ ૦૨ થી આપને રૂબરૂ સુનાવણી માટે તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. તેમ છતા આપશ્રી હાજર રહેલ નથી અને તદઉપરાંત આજદિન સુધી આપાના તરફ કોઇ જાણ કરવામાં આવેલ નથી. જે મુજબ આપશ્રીને માહિતી મેળવવામાં કોઇ રસ નથી. જેથી સદર અપીલ અરજીનો નિકાલ કરી અરજદારશ્રીને જાણ કરવા જાહેર માહિતી અધિકારીને અને ઇ.ચા. સેકશન ઓફિસર વોચ એન્ડ વોર્ડ વિભાગને અરજદારની અપીલ અંગે હવે આ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તથા સદર અપીલ દફતરે કરવામાં હુકમ કરવામાં આવે છે.

અરજદારને સદરહુ હુકમથી નારાજગી હોય તો, આરટીઆઈ કાયદાની કલમ –૧૯(૩) હેઠળ દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી ઓ, બ્લોક નં.૧, ત્રીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

**પ્રથમ અપીલ અધિકારીશ્રી**
**ચીફ સીકયુરીટી ઓફિસર**

નકલ સ. રવાના :– શ્રી રણમલભાઇ દેવદાનભાઇ ઝીલરીયા, ગામઃ– ફડસર, તા.:–મોરબી, વાયાઃ– આમરણ, ૩૬૩૬૫૫, મો. નં. ૯૨૩૯૫૦૦૦૦૯